## હરાજી રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગત ૨૮ જુલાઈના રોજ યોજાયેલ ૩૪ પ્લોટો પૈકી આજે જિલ્લા કલેક્ટરે ૮ પ્લોટોની હરાજી રદ કરી છે. જે પ્લોટોની હરાજી રદ કરવામાં આવી છે તેમાં સે. ૫ના ૩, સે. ૨૨ના ૩ અને સે. ૨૩ના બે પ્લોટનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે આ પ્લોટોની હરાજી અંગેનો નિર્ણય જિલ્લા કલેક્ટરે ૮ અધિકારીઓની બનાવેલી સ્ક્રુટીની કમિટીના અહેવાલને આધારે લીધો છે. જિલ્લા કલેક્ટરશ્રીએ આ અહેવાલમાં કરાયેલી ભલામણો પર મ્હોર મારતાં પૂર્વે અધિકારીઓ સાથે અનૌપચારિક ચર્ચાઓ પણ કરી હતી તેમજ કેટલીક પૃચ્છાઓ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જે પ્લોટોની હરાજી રદ કરવામાં આવી છે તેમાં બિડરો દ્વારા ઓછી બોલીઓ બોલાઈ હોવાનું, ગત વખત કરતાં પણ ઓછી બોલી બોલાઈ હોવાનું જાણવા મળેલ છે. કેટલાક પ્લોટોમાં સરકારને આર્થિક નુકશાન થતુ હોવાનું જણાતાં પણ હરાજી રદ કરવામાં આવી છે.

એક દસકા બાદ યોજાયેલ હરાજીમાં શહેરના પ્લોટોની તળિયાની કિંમત ઊંચી રાખી હોવાથી પ્લોટોના ખરીદનાર ઓછા મળવા પામ્યા છે. બે તબક્કામાં હરાજી યોજ્યા બાદ પણ ૫૦ ટકા જ પ્લોટોનું વેચાણ થયુ છે તે આડકતરો નિર્દેશ મંદીનો કરી રહેલ છે. ગાંધીનગર શહેરના પ્લોટોની હરાજી માટે તળિયાની કિંમત જંત્રીના દરોને ધ્યાને લઈ સરકાર સાથે પરામર્શમાં રહી નિયત કરવામાં આવ્યા હતા તે પણ ઉલ્લેખનીય છે.

અગાઉ કલેક્ટરશ્રીએ ૧૪ પ્લોટની હરાજી રદ કરી હતી. જો કે રદ કરાયેલા પ્લોટ પૈકી કેટલાક પ્લોટમાં સારી આવક થવા પામી છે અને તેમાં ૧૨ કરોડથી પણ વધુ આવક થઈ છે તેમ જાણવા મળેલ છે. આ બીજા તબક્કાના પ્લોટોની હરાજીમાંથી સરકારને ૭૫ કરોડ તથા પ્રથમ વખતની હરાજીમાંથી પણ લગભગ ૧૦૦ કરોડ જેટલી આવક થઈ છે અર્થાત્ સરકારને ૧૫૦ કરોડથી વધુ આવક ૪૫ પ્લોટોની હરાજીમાંથી પ્રાપ્ત થઈ છે.

## નિદાન માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યનું પાટનગર હોવા ઉપરાંત એન.એ.બી.એચ. પ્રમાણિત હોસ્પિટલ તેમજ મેડીકલ કોલેજ સંલગ્ન હોવા છતાં સરકાર દ્વારા અહિ ડેન્ગ્યુના ટેસ્ટ માટે આધુનિક કીટ્સ નહિ ફાળવવામાં આવતાં એક આશ્ચર્ય સર્જાયું છે. ગાંધીનગર શહેર વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારોમાં સમાવાયેલુ છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાને થતો અટકાવવા તંત્ર દ્વારા જે રીતે કામગીરી કરવામાં આવી રહી છે તેમાં એન્ટી લારવેલ પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં ૧૫૦૦ થી પણ વધુ સ્થળોએ પાણી ભરાઈ રહેવા પામ્યા હતા અને અમદાવાદ શહેર જતા-આવતા મુસાફરોની સંખ્યા પણ ઘણી મોટી છે.

## ક્લાર્ક લાંચ લેતા પકડાયો...

● ત્રીજા પાનાનું ચાલું

હતી તે મંડાલી ગ્રામ પંચાયતના ચોપડે નામે ચઢયું ન હતું. અંકિતકુમારે વારંવાર ધક્કા ખાધા પરંતુ કલાર્ક વિષ્ણુભાઈ ઉર્ફે ટીનાભાઈ મોહનલાલ પરમાર નોંધ કરી આપતા ન હતાં. જે મામલે ઈન્ચાર્જ તલાટી જીગીષાબેન શાહને મળતા તેમણે પણ કલાર્ક ટીનાભાઈને જ મળવા અંકિતકુમારને જણાવ્યું...! જીગીષાબેન હરણાહોડા ગ્રામ પંચાયતના તલાટી છે અને મંડાલી ગ્રામ પંચાયતમાં ઈન્ચાર્જ તલાટી છે. તેમના કહ્યા બાદ કલાર્કને મળતા અંકિતકુમારને ખ્યાલ આવ્યો કે વ્યવહારના કારણે કામ અટકયું છે. ૧ પ્લોટના રૂ. ૧ હજાર લેખે ૨૧ પ્લોટના રૂ. ૨૧ હજારની માંગણી કરી ત્યાર બાદ રકઝકને અંતે રૂ. ૧૭ હજારમાં કામ કરી આપવાનું નક્કી કર્યું. અંકિતકુમારે એસીબીને ફરિયાદ કરતાં પી.આઈ. એમ.જે ક્રિશ્ચિયન તથા તેમની ટીમે ટ્રેપ ગોઠવીને કલાર્ક વિષ્ણુને રૂ. ૧૭ હજારની લાંચ સ્વીકારતાં પકડી પાડયો હતો. ફોન પર તલાટી જીગીષાબેન સાથે વાત કરીને લાંચ મેળવ્યાની કન્ફર્મેશન પણ કરી લીધી. ત્યાર બાદ ટ્રેપના ભાગરૂપે પૈસા આપવા ગયા ત્યાં તલાટી ફરાર થઈ ગઈ હતી. એસીબીએ ગુનો નોંધીને ઉંડી તપાસ શરુ કરી ફરાર તલાટીને પકડવા તજવીજ શરુ કરી છે.

## અદબ-પલાઠી (ચોથા પાનાનું ચાલું...)

બાળક કલામની એક ઈચ્છા :

હું બગલાઓ તથા સંગલ પક્ષીઓને આકાશમાં ઊંચે ઉડતાં જોતો અને ત્યારે મને ઊડવાની તીવ્ર ઈચ્છા જન્મતી, ભલે હું સીધો સાદો ગ્રામીણ છોકરો હતો પણ મને શ્રધ્ધા હતી કે એક દિવસ હું પણ આકાશમાં ઊડીશ.

બાળક કલામનું આત્મ ગૌરવ ઊભું કરનાર પ્રાથમિક શિક્ષક :

ઈયાદુરાઈ સોલોમન ખરેખર મહાન શિક્ષક હતા. કેમકે તે બધાં બાળકોમાં આત્મગૌરવનું સિંચન કરતાં. સલોમન સરે મારી આત્મપ્રતિષ્ઠાને ખૂબ ઊંચે પહોંચાડી અને મને -શિક્ષણથી વંચિત એવાં માતાપિતાના પુત્રને દૃઢ રીતે વિકસાવ્યું કે હું ઈચ્છું તે બનવાની અપેક્ષા રાખી શકું. શ્રધ્ધાની મદદથી તું તારું નસીબ પણ બદલી શકે તેમ તેઓએ કહયું હતું.

પ્રાથમિક શાળાનો કડવો તથા આનંદદાયક અનુભવ :

કલામ ચોથા ધોરણમાં હતા ત્યારે એક દિવસ શિક્ષક ઐયર બીજા વર્ગમાં શીખવતા હતા. શૂન્યમનસ્ક રીતે હું તે વર્ગમાં જઈ ચડયો જૂના સરમુખત્યારની અદાથી રામકૃષ્ણ ઐયરે મને બોચીથી પકડયો અને આખા વર્ગની વચ્ચે સોટીથી ફટકાર્યો. ઘણાં મહિના પછી મને જયારે ગણિતમાં પૂરા ગુણ મળ્યા ત્યારે તેમણે શાળાની પ્રાર્થના સભામાં આખી શાળા સામે આ પ્રસંગ વર્ણવ્યો અને કહયું : "જેમને હું સોટીથી મારું છું તે મહાન બને છે. મારા શબ્દો યાદ રાખજો."

આ છોકરો તેની શાળા અને શિક્ષકો માટે ગૌરવનું કારણ બનવાનો છે. તેમની આ પ્રશંસાથી હું આગળનું અપમાન પળભરમાં ભૂલી ગયો.

પ્રાર્થનાની તાકાત :

પ્રાર્થનાનું એક મુખ્ય કાર્ય સર્જનાત્મક વિચારોને પ્રદીપ્ત કરવાનું છે. સફળતાથી જીવવા માટેનાં બધાજ તત્વો મનમાં હોય જ છે. આપણા સર્જકે -ખુદાએ આપણા મન અને વ્યકિતત્વમાં ખૂબજ શકિત અને શકયતાઓ સુષુપ્ત રીતે ઠાંસી ઠાંસીને ભર્યા છે. પ્રાર્થના તેને ટકોરા મારી પ્રગટ કરી વિકસાવવામાં મદદ કરે છે.

વિશ્વના લોકો વિશે :

જે બાબતો ખૂબ હેરાન કરે છે, તે કશુંક શીખવે છે. બૈંજામીનનું એક વિધાન ટાંકીને તેઓ વિશ્વના લોકો વિશે કહે છે કે વિશ્વની આ બાજુના લોકો તેમની સમસ્યાઓનો સામનો સામી છાતીએ કરે છે. તેઓ તેનાથી દુઃખી થઈ સહન કરવાને બદલે તેનાથી મુકત થવાનો પ્રયત્ન કરે છે.

દેશની મૂળભૂત વહીવટી મુશ્કેલી વિશે :

ભારતીય સંસ્થાઓમાં કામ કરવાની જે મુશ્કેલી પડે છે. તેનું કારણ આ ચારે તરફ વ્યાપ્ત તિરસ્કૃત મિથ્યાભિમાન ફેલાયેલ છે તે છે. તે આપણાથી જુનિયર, નીચેના પદ ધરાવનારાઓને સાંભળતા અટકાવે છે. જો તમે કોઈ વ્યકિતને હડધૂત કરો તો કદી પણ તેની પાસેથી અપેક્ષિત પરિણામોની આશા ન રાખી શકો. દૃઢતા અને ઉધ્ધતાઈ, મજબૂત નેતૃત્વ અને દબડાવવું, શિસ્ત અને કિન્નાખોરી વચ્ચે ખૂબજ પાતળી ભેદરેખા છે. તે હોવી જ જોઈએ. કમભાગ્યે આપણા દેશમાં એક જ ભેદ રેખા છે અને તે હીરો અને ઝીરો વચ્ચે જ છે. તેની એક બાજુએ ગણ્યા ગાંઠયા હીરો છે જેઓ બીજી બાજુના પંચાણું કરોડ લોકોને દબાવીને રાખે છે. આ પરિસ્થિતિને બદલાવવાની તાતી જરૂર છે.

શિક્ષકનો વ્યાવસાયિક સંતોષ :

જેઓ પોતાનું હૃદય પરોવ્યા વિના કામ કરે છે. તેઓ પૂરી સફળતા મેળવી શકતા નથી. તે તેની આસપાસ કડવાશ જન્માવે છે. જો તમે એવા શિક્ષક છો જે ઉદ્યોગપતિ થવા માગતા હતા. તો તમારું શિક્ષણ વિદ્યાર્થીની જ્ઞાન જિજ્ઞાસાને પૂરી નહીં કરી શકે.

પ્રતિબધ્ધતા અને યુવાનો :

જેઓ પોતાના કામમાં સર્વોચ્ચ સ્થાને પહોંચવા માગે છે તેમના માટે પૂર્ણ પ્રતિબધ્ધતા અગત્યનો ગુણ હોવો જરૂરી છે. હું એવા લોકોને ઓળખું છું જેઓ અઠવાડિયાના સાઠ, એંસી કે સો કલાક કામ કરતા હતા. સફળ સ્ત્રી પુરુષોમાં સંપૂર્ણ પ્રતિબધ્ધતા એ સામાન્ય લક્ષણ છે.

કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પડે છે. પોતાના વ્યકિતગત અને સામાજિક જીવનને ડૉ. કલામે છોડવું પડેલું. વ્યકિતગત બલિદાનથી જ રાષ્ટ્રને કાંઈક આપી શકયાનો આત્મસંતોષ અનુભવાય છે.

**મિસરી**

અગર આપકો કોઈ અચ્છા લગતા હે
તો અચ્છા વહ નહીં
બલ્કી અચ્છે આપ હો...!!
ક્યોંકિ ઉસમે અચ્છાઈ દેખને વાલી
નજર આપકે પાસ હે...!!!

(sms - શ્રી કે.એસ. વસાવા, આ ડાયરેકટર, ઉ.શિ. કમિશ્નરની કચેરી, ગાંધીનગર)

## સાહિત્યવૃત્ત (ચોથા પાનાનું ચાલું...)

ફળ્યાં અને માછલી બની તરવા લાગ્યાં. બીજની આ તાકાત છે. સાહિત્ય પણ એક મૂલ્યવાન બીજ છે. આપણે જો વિદ્યાર્થી-બાળકમાં આ સાહિત્યનું ઉત્તમ બીજ રોપ્યું હશે તો, એકદિન તે પાંગરીને વટવૃક્ષ બનશે અને દેશના ધારક અને તારક નવયુવાનોનું જીવન ઉત્તમોત્તમ ગુણોથી હર્યુંભર્યું બનીને, તુષારબિંદુની માફક ઝળકી ઊઠશે અને તેની મઘમઘતી પરિમલ ચોમેર પ્રસરીને માનવજાતમાં દિવ્યતાનાં ચોક્કસ દર્શન કરાવશે એમાં મીનમેખ નથી!'

● સાહિત્ય વૃત્તસંચય

ગુજરાત સાહિત્ય અકાદમીની શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક આપવાની યોજનામાં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, સિંધી, ઉર્દૂ અને કચ્છી ભાષાનાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં તા. ૧.૧. ૨૦૧૪ થી ૩૧.૧૨.૨૦૧૪ સુધીમાં પ્રગટ થયેલાં મૌલિક પુસ્તકો મંગાવવામાં આવેલ છે જેમાં - બાળ વિભાગમાં (અ) કાવ્ય (બ) વાર્તા (ક) ચરિત્રાદિ (ડ) નાટકો અને (૨) પ્રૌઢ વિભાગમાં (૧) નવલકથા (૨) ટૂંકી વાર્તા (૩) નાટક-એકાંકી (૪) હાસ્યવ્યંગ (૫) નિબંધ અને પ્રવાસ (૬) કવિતા (૭) વિવેચન (૮) સંશોધન - ભાષા વ્યકરણ (૯) આત્મકથા - રેખાચિત્ર-પત્ર જીવનચરિત્ર - સત્યકથા (૧૦) લોકસાહિત્ય (૧૧) અનુવાદ વિભાગનો સમાવેશ થાય છે. રસ ધરાવતા લેખકો - પ્રકાશકોએ પોતાના પુસ્તકની નકલ તા. ૩૧-૮-૨૦૧૫ સુધીમાં અકાદમીને મોકલવી.

તે મુજબ શિષ્ટમાન્ય કૃતિઓને પ્રકાશન સહાય પેટે રૂા.૧૦,૦૦૦ સુધીની સહાય અને નવોદિત સાહિત્યકારોને પ્રકાશન સહાયપેટે મૌલિક કૃતિના પ્રથમ પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦ સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે.

મૌલિક બાળસાહિત્યને ઉત્તેજન આપવા આ વિષયના લેખકોને પ્રકાશન સહાયરૂપે રૂા. ૫૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.

ઉપર્યુક્તની એક હસ્તપ્રતની નકલ મોડામાં મોડા તા. ૩૧-૮-૨૦૧૫ સુધીમાં અકાદમીને મોકલવી.

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ મળતી માસિક બેઠક, તા. ૯-૮-૨૦૧૫ ને રવિવારના રોજ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે, સંસ્થા પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ'ના અધ્યક્ષસ્થાને મળશે, જેમાં સાહિત્યકારો પોતાની સ્વરચિત અને અપ્રગટ રચનાઓ - કાવ્ય, ગીત, ગઝલ કે લઘુકથાનું પઠન કરી શકશે. આવી રચનાની એક નકલ સ્વચ્છ અક્ષરોમાં, એકબાજુ લખેલી કે ટાઈપ કરેલી રજૂ કરવાની રહેશે.

# મોડાસાની રત્નદીપ સોસાયટીને જોડતી ગટરલાઈનમાં જોખમી ગાબડા



મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના શહેરના માલપુર રોડ પર આવેલી રત્નદિપ સોસાયટીના ચોકથી મોડાસા નગરપાલિકાએ વરસાદી પાણીના નિકાલ માટે મેઈન ગટરલાઈન ઋષિકેશ સોસાયટી સુધી બનાવેલી ગટરલાઈનમાં ૪૫ દિવસની અંદર ગાબડુ પડી જતાં સોસાયટી વિસ્તારના રહીશોએ નગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ભ્રષ્ટાચાર આદરી વેઠ ઉતારવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. જ્યારે નગરપાલિકાતંત્ર આ ગાબડાથી અજાણ હોવાનુ જણાવાયુ છે.

મોડાસાના માલપુર રોડ પર આવેલી રત્નદીપ સોસાયટીના નાકાથી ઋષિકેશ સોસાયટીમાં આવેલી મેઈન ગટરલાઈનમાં જોડાણ આપવા બનાવેલી ગટરલાઈન ૪૫ દિવસની અંદર જ ગાબડુ પડી જતાં સોસાયટીના નગરજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. રત્નદિપ સોસાયટીના માલપુર રોડ તેમજ અન્ય સોસાયટીઓમાંથી વહીને આવતુ વરસાદી પાણીના નિકાલ માટે રત્નદિપ સોસાયટીથી ઋષિકેશ સોસાયટીની મેઈન ગટરલાઈનનું કામકાજ ૪૫ દિવસ અગાઉ નગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું. પરંતુ કોન્ટ્રાક્ટરે આ ગટરલાઈનમાં ભારે ભ્રષ્ટાચાર આદરી હલકી કક્ષાનું મટેરીયલ્સનો ઉપયોગ કરી આ ગટરલાઈનના કામકાજમાં વેઠ ઉતારી દેવાતાં આ સોસાયટીના રહીશોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. તેમજ અહીથી પસાર થતાં ટુ-વ્હીલરવાળા વાહનચાલકો પસાર થતા કેટલીયવાર ગાબડામાં ટાયર પડવાથી દ્વિ-ચક્રીય વાહનો સ્લીપ ખાઈ જવાની ઘટનાઓ બની છે.

## જાહેર નિવિદા - ૧ વર્ષ ૨૦૧૫-૨૦૧૬

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓ પાસેથી ના.કા.ઈ.શ્રી. મા. અને મ. (બાં) પેટા વિ., ખેડબ્રહ્માની કચેરી દ્વારા કોડ નં. ૩૮૩૨૫૫, ફોન નં. ૨૨૦૨૧૭ દ્વારા મકાનોને લગતા કામો માટે શિલ્ડ ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૧ થી ૩.૦૦ લાખ સુધીની છે. કોરા ટેન્ડર આપવાની તા. ૧૭/૮/૨૦૧૫ તથા ભરાઈને રજી.પો.એ.ડી. પોસ્ટથી પરત લેવાની તા. ૨૪/૮/૨૦૧૫ની છે.

આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવે છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપરથી જોઈ શકાશે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવનાર ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/ /૨૦૧૫

## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010, Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**Part I STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2015** (₹ in Lakhs)

| Sr. No | Particulars | Standalone Results | | | |
|---|---|---|---|---|---|
| | | 3 months ended | | | Year Ended |
| | | 30.06.2015 (Unaudited) | 31.03.2015 (Unaudited) | 30.06.2014 (Unaudited) | 31.03.2015 (Audited) |
| 1 | **Income from Operations** | | | | |
| | a) Net Sales/Income from Operations | 25,567.99 | 23,625.10 | 23,043.83 | 1,06,056.01 |
| | b) Other Operating Income | 346.32 | 245.99 | 46.75 | 403.64 |
| | **c) Total Income from Operations** | **25,914.31** | **23,871.09** | **23,090.58** | **1,06,459.65** |
| 2 | **Expenses** | | | | |
| | a) Employee benefit expenses | 738.60 | 704.69 | 760.98 | 3,556.37 |
| | b) Depreciation & amortisation expense | 4,343.36 | 6,005.58 | 4,693.76 | 20,133.33 |
| | c) Operation & Maintenance expense | 1,931.34 | 1,930.43 | 1,797.97 | 7,217.41 |
| | d) Other expenses | 532.45 | 1,256.10 | 491.82 | 2,938.35 |
| | **e) Total expenses** | **7,545.75** | **9,896.80** | **7,744.53** | **33,845.46** |
| 3 | **Profit / (Loss) from operations before other income, finance cost and exceptional items (1-2)** | **18,368.56** | **13,974.29** | **15,346.05** | **72,614.19** |
| 4 | Other Income | 1,079.53 | 1,154.99 | 1,302.12 | 5,200.52 |
| 5 | **Profit / (Loss) from ordinary activities before finance cost & exceptional items (3+4)** | **19,448.09** | **15,129.28** | **16,648.17** | **77,814.71** |
| 6 | Finance costs | 2,072.90 | 2,622.42 | 3,205.72 | 11,782.52 |
| 7 | **Profit / (Loss) from ordinary activities after finance cost but before exceptional items (5-6)** | **17,375.19** | **12,506.86** | **13,442.45** | **66,032.19** |
| 8 | Exceptional Items | - | - | - | - |
| 9 | **Profit / (Loss) from ordinary activities before tax (7+8)** | **17,375.19** | **12,506.86** | **13,442.45** | **66,032.19** |
| 10 | Tax Expense | **6,099.09** | **5,797.05** | **4,942.68** | **24,996.02** |
| | - Income Tax | 5,664.00 | 4,368.12 | 4,458.48 | 21,981.19 |
| | - Deferred Tax | 435.09 | 1,428.93 | 484.20 | 3,014.83 |
| 11 | **Net Profit /(Loss) from ordinary activities after tax (9-10)** | **11,276.10** | **6,709.81** | **8,499.77** | **41,036.17** |
| 12 | Extraordinary Items (net of tax expenses) | - | - | - | - |
| 13 | **Net Profit/(Loss) for the period (11-12)** | **11,276.10** | **6,709.81** | **8,499.77** | **41,036.17** |
| 14 | Paid-up Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,305.02 | 56,298.00 | 56,274.00 | 56,298.00 |
| 15 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | - | 3,06,007.16 |
| 16 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | | |
| | a) Basic EPS (Rs.) | 2.00 | 1.19 | 1.51 | 7.29 |
| | b) Diluted EPS (Rs.) | 2.00 | 1.19 | 1.51 | 7.29 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) | |
| 16 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | | |
| | a) Basic EPS (Rs.) | 2.00 | 1.19 | 1.51 | 7.29 |
| | b) Diluted EPS (Rs.) | 2.00 | 1.19 | 1.51 | 7.29 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) | |

**Part II SELECT INFORMATION FOR THE QUARTER ENDED 30TH JUNE 2015**

| Sr. No | Particulars | 3 months ended | | | Year ended |
|---|---|---|---|---|---|
| | | 30.06.2015 | 31.03.2015 | 30.06.2014 | 31.03.2015 |
| A | **Particulars of Shareholding** | | | | |
| 1 | Public Shareholding | | | | |
| | - Number of Shares | 35,07,44,949 | 35,06,74,710 | 35,04,34,682 | 35,06,74,710 |
| | - Percentage of Shareholding | 62.29% | 62.29% | 62.27% | 62.29% |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | |
| | a) Pledged / Encumbered | | | | |
| | - Number of shares | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total shareholding of Promoter and Promoter group) | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total share capital of the Company) | Nil | Nil | Nil | Nil |
| | b) Non - encumbered | | | | |
| | - Number of shares | 21,23,05,270 | 21,23,05,270 | 21,23,05,270 | 21,23,05,270 |
| | - Percentage of shares (as a % of the total shareholding of the Promoter and Promoter group) | 100.00% | 100.00% | 100.00% | 100.00% |
| | - Percentage of shares (as a % of the total share capital of the company) | 37.71% | 37.71% | 37.73% | 37.71% |

| Sr. No | Particulars | 3 months ended 30.06.2015 |
|---|---|---|
| B | **Investor Complaints** | |
| | Pending at the beginning of the quarter | 0 |
| | Received during the quarter | 27 |
| | Disposed of during the quarter | 27 |
| | Remaining unresolved at the end of the quarter | 0 |

**SEGMENT-WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH JUNE 2015** (₹ in Lakhs)

| Sr. No | Particulars | Standalone Results | | | |
|---|---|---|---|---|---|
| | | 3 months ended | | | Year Ended |
| | | 30.06.2015 (Unaudited) | 31.03.2015 (Unaudited) | 30.06.2014 (Unaudited) | 31.03.2015 (Audited) |
| 1 | **Segment Revenue (Net Sales / Income)** | | | | |
| | A. Gas Transportation | 24,779.40 | 23,262.04 | 21,792.89 | 1,02,983.79 |
| | B. Sale of Electricity | 1,185.59 | 670.05 | 1,389.84 | 3,750.80 |
| | Total | **25,964.99** | **23,932.09** | **23,182.73** | **1,06,734.59** |
| | Less: Inter-Segment Revenue | - | - | - | - |
| | **Sales / Income from Operations** | **25,964.99** | **23,932.09** | **23,182.73** | **1,06,734.59** |
| 2 | **Segment Results:** | | | | |
| | Profit / (Loss) before Interest & Taxes | | | | |
| | A. Gas Transportation | 18,442.47 | 15,281.52 | 15,603.94 | 76,043.75 |
| | B. Sale of Electricity | 539.21 | (34.28) | 691.39 | 940.48 |
| | Total | **18,981.68** | **15,247.24** | **16,295.33** | **76,984.23** |
| | Less: (i) Interest & Financial Charges | 2,072.90 | 2,622.42 | 3,205.72 | 11,782.52 |
| | (ii) Other Un-allocable Expenditure | 562.44 | 1,211.98 | 857.13 | 4,095.10 |
| | Add: (iii) Other Un-allocable Income | 1,028.85 | 1,094.02 | 1,209.97 | 4,925.58 |
| | **Total Profit before Tax** | **17,375.19** | **12,506.86** | **13,442.45** | **66,032.19** |
| 3 | **Capital Employed:** | | | | |
| | (Segment Assets Less Segment Liabilities) | | | | |
| | A. Gas Transportation | 3,04,474.48 | 3,86,362.57 | 3,85,144.51 | 3,86,362.57 |
| | B. Sale of Electricity | 15,961.62 | 15,999.94 | 18,301.93 | 15,999.94 |
| | C. Un-allocable | 2,18,648.35 | 1,20,731.36 | 1,20,727.58 | 1,20,731.36 |
| | **Total** | **5,39,084.45** | **5,23,093.87** | **5,24,174.02** | **5,23,093.87** |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meetings held on 7th August, 2015.
(2) Segment Revenue includes Other Income which is directly attributable to each segment.
(3) The statutory auditors have carried out a limited review of above results.
(4) During the quarter, the Company has alloted 70,239 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2010.
(5) The Gas volumes transported are as follows: (in MMSCM)

| Year / period | Qtr 1 |
|---|---|
| Financial Year 2015-16 | 2201.19 |
| Financial Year 2014-15 | 2023.44 |

(6) The figures for the corresponding previous periods have been restated / regrouped, wherever necessary, to make them comparable.

Place: Gandhinagar
Date: 7th August, 2015

For, Gujarat State Petronet Limited
Atanu Chakraborty, IAS
Managing Director